સ્વચ્છ હિંમતનગર સ્વસ્થ હિંમતનગર

# હિંમતનગર નગરપાલિકા (સા.કાં)

## અંદાજપત્ર : ૨૦૨૬-૨૭





**સંજયભાઈ ગોહિલ**
એકાઉન્ટન્ટ
હિંમતનગર નગરપાલિકા

**ઉપેન્દ્રભાઈ ગઢવી**
મુખ્ય અધિકારી
હિંમતનગર નગરપાલિકા

**જીનલબેન પટેલ**
અધ્યક્ષ, કારોબારી સમિતિ
હિંમતનગર નગરપાલિકા

**વિમલભાઈ ઉપાધ્યાય**
પ્રમુખ
હિંમતનગર નગરપાલિકા

નગરસેવા સદન, હિંમતનગર-૩૮૩૦૦૧ (સા.કાં) ફોન:૨૪૧૭૧૦

## બજેટ વર્ષ 2026-27 માટે પ્રમુખશ્રીનું ઉદ્બોધન (પ્રસ્તાવના)

માનનીય સભ્યો, આદરણીય નાગરિકો અને મીડિયા પ્રતિનિધિઓ,

હિંમતનગર નગરપાલિકાના બજેટ વર્ષ 2026-27 માટેનો આ વાર્ષિક બજેટ પ્રસ્તાવ રજૂ કરતાં મને ગૌરવની લાગણી થાય છે. શહેરના સર્વાંગી વિકાસ, પારદર્શિતા, નાગરિક સુવિધાઓના વિસ્તરણ અને નાણાકીય શિસ્તને કેન્દ્રમાં રાખીને આ બજેટ તૈયાર કરવામાં આવ્યું છે.

આ વર્ષે અમારું મુખ્ય ધ્યેય "સ્વચ્છ, સુરક્ષિત અને સ્માર્ટ હિંમતનગર" નિર્માણ કરવાનો છે. નગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા વ્યવસ્થામાં સુધારો, પીવાના શુદ્ધ પાણીની સુવિધા, માર્ગ અને ડ્રેનેજ વ્યવસ્થાનો વિકાસ, સ્ટ્રીટ લાઇટિંગમાં એલઇડી રૂપાંતર અને ડિજિટલ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

- મુખ્ય પ્રાથમિકતાઓ:

1. પાણી પુરવઠો અને WTP સુધારા: વધુ TDS અને ડહોળા પાણીની સમસ્યાને ધ્યાનમાં રાખીને પાણી શુદ્ધિકરણ પ્રોજેક્ટ માટે મૂડી ફાળવણી.
2. સ્વચ્છતા અને ઘન કચરો વ્યવસ્થાપન: ડોર-ટુ-ડોર કલેક્શન, મશીનરી ખરીદી અને ડમ્પિંગ સાઇટ સુધારણા માટે વિશેષ ખર્ચ.
3. માર્ગ અને ડ્રેનેજ વિકાસ: મુખ્ય અને આંતરિક માર્ગોના રી-કાર્પેટિંગ, નવા RCC ડ્રેનેજ લાઇન અને વરસાદી પાણીના નિકાલ માટે પ્રોજેક્ટ.
4. સ્ટ્રીટ લાઇટ અને સલામતી: એલઇડી સ્ટ્રીટ લાઇટ સ્થાપન, CCTV કેમેરા વિસ્તરણ અને જાહેર સ્થળોની સુરક્ષા.
5. ડિજિટલ અને પારદર્શક વહીવટ: ઓનલાઈન ટેક્સ કલેક્શન, ફરિયાદ નિવારણ સિસ્ટમ અને ઈ-ગવર્નન્સ સુવિધાઓ વેબ સાઈટના માધ્યમથી.

આ બજેટમાં વિકાસ કામો સાથે સાથે નાણાકીય સંયમ અને આવક વધારવા માટેના પ્રયત્નો પણ સમાવાયા છે. મિલ્કત કર વસૂલાતમાં સુધારો, સરકારી ગ્રાન્ટનો અસરકારક ઉપયોગ અને પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ મોડલ દ્વારા શહેર વિકાસને ગતિ આપવામાં આવશે.

આપ સૌના સહકારથી હિંમતનગરને આધુનિક, સ્વચ્છ અને સુવિધાસભર શહેર બનાવવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. નગરપાલિકા દ્વારા લેવામાં આવતા દરેક પગલામાં પારદર્શિતા અને જનહિત પ્રથમ પ્રાથમિકતા રહેશે.

અંતમાં, હિમતનગર નગરપાલિકાના સને ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર બનાવવા માટે ઉપપ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ, અને સભ્યશ્રીઓના યોગદાન બદલ આભાર વ્યક્ત કરું છું.

જય હિંદ | જય ગુજરાત

– પ્રમુખશ્રી

હિંમતનગર નગરપાલિકા

# હિંમતનગર નગરપાલિકા

## સને ૨૦૨૬ -૨૦૨૭ વર્ષના સંભવિત આવક-ખર્ચના અંદાજ સમરી.



| આવક સદર | રકમ રૂ. | ખર્ચ સદર | રકમ રૂ. |
|---|---|---|---|
| નગરપાલિકા ના કરવેરા | ૧૯૦,૧૦૦,૦૦૦.૦૦ | સામાન્ય વહિવટ – પગાર ખર્ચ | ૨૨,૨૦૦,૦૦૦.૦૦ |
| કરવેરા સિવાયની નગરપાકિની મિલ્કતોથી આવક | ૫,૨૦૦,૦૦૦.૦૦ | સામાન્ય વહિવટ – જનરલ એડમીનીસ્ટ્રેશન ખર્ચ | ૭૬,૮૮૦,૦૦૦.૦૦ |
| ફી ની આવક | ૬,૪૫૦,૦૦૦.૦૦ | પરચુરણ ખર્ચ | ૧૫,૦૪૦,૦૦૦.૦૦ |
| અન્ય આવક | ૩૮,૭૦૫,૦૦૦.૦૦ | દિવાબત્તી વિભાગ | ૨૩,૦૦૦,૦૦૦.૦૦ |
| પાણી પુરવઠા વિભાગ | ૩૦૦,૦૦૦.૦૦ | પાણી પુરવઠા વિભાગ | ૧૦૬,૯૫૦,૦૦૦.૦૦ |
| બગીચા વિભાગ | ૨૧,૩૦૦,૦૦૦.૦૦ | બગીચા વિભાગ | ૮,૮૦૦,૦૦૦.૦૦ |
| ગટર વિભાગ | ૬૦૦,૦૦૦.૦૦ | ગટર વિભાગ | ૪૩,૫૦૫,૦૦૦.૦૦ |
| શિક્ષણ વિભાગ | ૩૦૦,૦૦૦.૦૦ | શિક્ષણ વિભાગ | ૬૭૫,૦૦૦.૦૦ |
| સીટી બસ વિભાગ | ૧,૮૦૦,૦૦૦.૦૦ | સીટી બસ વિભાગ | ૮,૬૫૦,૦૦૦.૦૦ |
| એમ્બ્યુલન્સ વિભાગ | ૨૦૦,૦૦૦.૦૦ | એમ્બ્યુલન્સ વિભાગ | ૭૫૦,૦૦૦.૦૦ |
| ફાયર બ્રિગેડ વિભાગ | ૪૨૦,૦૦૦.૦૦ | ફાયર બ્રિગેડ વિભાગ | ૫૭,૦૦૦,૦૦૦.૦૦ |
| ટાઉનહોલ વિભાગ | ૧,૫૦૦,૦૦૦.૦૦ | ટાઉનહોલ વિભાગ | ૧,૩૨૦,૦૦૦.૦૦ |
| એન.યુ.એલ.એમ યોજના | ૩,૫૦૦,૦૦૦.૦૦ | એન.યુ.એલ.એમ યોજના | ૪,૦૦૦,૦૦૦.૦૦ |
| આરોગ્ય વિભાગ | ૧,૬૭૦,૦૦૦.૦૦ | આરોગ્ય વિભાગ | ૯૩,૨૦૦,૦૦૦.૦૦ |
| અનુદાન ( ગ્રાંન્ટ ) | ૭૦૫,૦૦૫,૦૦૦.૦૦ | બાંધકામ વિભાગ | ૮૩,૨૦૦,૦૦૦.૦૦ |
| ગલ્લા વિભાગ (શોપીગ / દુકાન) | ૫૨,૨૦૦,૦૦૦.૦૦ | અનુદાન ( ગ્રાંન્ટ ) | ૬૨૫,૦૩૦,૦૦૦.૦૦ |
| ટાઉન પ્લાનીંગ વિભાગ | ૩૪,૦૦૦,૦૦૦.૦૦ | ટાઉન પ્લાનીંગ વિભાગ | ૧૮,૭૪૦,૦૦૦.૦૦ |
| દેવા વિભાગ | ૫૨,૮૯૧,૦૦૦.૦૦ | મિકેનીકલ વિભાગ | ૫૦,૦૦૦,૦૦૦.૦૦ |
| | | દેવા વિભાગ | ૫૬,૪૬૦,૦૦૦.૦૦ |
| | ૧,૧૧૬,૧૪૧,૦૦૦.૦૦ | | ૧,૨૯૫,૪૦૦,૦૦૦.૦૦ |
| ઉઘડતી સીલક | ૨૪૩,૮૫૯,૦૦૦.૦૦ | બંધ સીલક | ૬૪,૬૦૦,૦૦૦.૦૦ |
| **કુલ સરવાળો** | ૧,૩૬૦,૦૦૦,૦૦૦.૦૦ | **કુલ સરવાળો** | ૧,૩૬૦,૦૦૦,૦૦૦.૦૦ |